
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હું વડને ફરી ફરીને બહુ પૂજા કરતી.. એટલે આવો પતિ મળ્યો...

# જવલ્લે દેખાતો સાપ ગાંધીનગરમાં પંદર વર્ષે દેખાયો

ગાંધીનગર, તા.૨૩

ચોમાસાની સીઝનમાં ગાંધીનગરમાં સાપ નીકળવાની કોઈ નવાઈ નથી, પરંતુ તારીખ ૨૨ જુલાઈના રોજ સ્નેક લવર્સ ક્લબના નવા સ્નેક રેસ્ક્યુઅર સુનીલને ચ રોડ પાર ચાલતા મેટ્રોના કામના સ્થળથી નજીકમાં એક એક્ટિવામાં સાપ ઘુસી ગયો હોવાથી રેસ્ક્યુ માટે બોલાવેલા. આશરે દોઢથી બે કલાકની ભારે જહેમત બાદ એક્ટિવામાંથી સાપ બહાર કાઢવામાં સફળતા મળી ત્યારે સુનિલભાઈ આશ્ચર્ય પામી ગયેલા. કારણ એટલું કે આ સાપ આજથી લગભગ પાંત્રીસ ચાલીસ વર્ષ પૂર્વે ગાંધીનગર શહેર છોડી ગયેલો "ફુરસો" એટલે કે સો સ્કેલ્ડ વાઈપર હતો.



આ જ પ્રજાતિનો સાપ આજથી આશરે પંદર વર્ષ પૂર્વે સ્નેક લવર્સ ક્લબના કૌશલ સાધુ તથા નિલેશ પટેલે રેસ્ક્યુ કરેલો. હકીકત એવી છે કે આ સાપ ગાંધીનગરમાં હતો પરંતુ ગાંધીનગરને ગ્રીનેસ્ટ સીટી ઓફ ધ વર્લ્ડ બનાવવાની લ્હાયમાં થયેલા આડેધડ વનીકરણના કારણે ફુરસાને ગાંધીનગર છોડવાની ફરજ પડેલી. તો એક પ્રશ્ન એ પણ છે કે ફુરસએ આટલા વર્ષોના વનવાસ બાદ એકાએક દેખા કેમ દીધી હશે ? આ ઘટના બાબતે સ્નેક લવર્સ ક્લબના સ્થાપક ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી જણાવે છે કે આવા કિસ્સામાં મોટે ભાગે માટી, પથ્થર જે સાઈટ પર અન્ય જગ્યાએથી આવતા હોય ત્યાં જ ફુરસો મળ્યો હોવાથી બહારથી આવતા સામાન સાથે આ સાપ આવી ચડ્યો હોય એવું અનુમાન છે. ગઈ કાલે રેસ્ક્યુ થયેલો આ ફુરસો પણ મેટ્રોની સાઈટ નજીકથી મળ્યો છે.

ગુજરાતમાં જોવા મળતા ચાર ઘાતક સાપમાં ફુરસાની ગણતરી થાય છે. ગુજરાતમાં જોવા મળતા ચાર ઝેરી સર્પોમાં નાગ અને કાળોતરાનું ઝેર ન્યુરોટોક્સિક એટલે કે માનવના ચેતાતંત્ર પર હુમલો કરે છે, જ્યારે ખડચિતળા અને ફુરસાનું ઝેર હિમોટોક્સિક હોય છે એટલે કે માનવની રુધિરાભિસરણ પ્રણાલી પર હુમલો કરી નુકસાન પહોંચાડે છે. આમ, આ ફુરસો નાનો લાગતો હોવા છતાં ખૂબ ઝેરીલો સાપ છે.

ગાંધીનગરમાં એકાએક દેખાઈ આવેલા આ ફુરસાને કારણે પાટનગરના સર્પપ્રેમીઓમાં આનંદ અને આશ્ચર્ય ફેલાયું છે તથા ચર્ચાનો વિષય બન્યો છે.

## ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એસો. દ્વારા યોજાયેલ નેશનલ કક્ષાનો B2B ટ્રેડ ફેર

### ઇન્ડસ્ટ્રીઝ ૧૫-૨૦ ટકા ગ્રોથ સાધશે



ગાંધીનગર, તા.૨૩

ટેકસટાઈલ-ગારમેન્ટના માન્ચેસ્ટર ગણાતા એવા ગુજરાતના ઉદ્યોગોને વેગ આપવા માટે સતત પ્રયાસો થઈ રહ્યાં છે. ત્રિદિવસય ફેરનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ કૌશિક પટેલ અને હિતેશ મકવાણા મેયર પણ ઉપસ્થિતિ રહ્યા હતા.

જીજીએમએના પ્રમુખ વિજય પુરોહિતે જણાવ્યું, “ગારમેન્ટ ઉદ્યોગનું ભવિષ્ય ખુબ જ ઉજ્જ્વળ છે, કારણ કે આ ઉદ્યોગ સાથે પ્રતિભાશાળી યુવાન અને સ્કિલ કારીગરો જોડાયેલા છે, ગારમેન્ટ ફેર એક સીમાચિહ્નરૂપ રહેશે. કારણ કે છેલ્લા થોડા સમયથી જે તકલીફોનો સામનો દુનિયા કરી રહી હતી તેમાંથી હવે બધા ધીરે ધીરે બહાર આવી રહ્યા છીએ અને આવનાર તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખી ગારમેન્ટ ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરોને ખૂબ જ સારા પ્રમાણમાં કામ મળે તે માટે ભારતના તમામ રાજ્યોમાંથી ખૂબ મોટા પ્રમાણમાં ઓર્ડર આપી શકે તેવા વેપારીઓને વિશેષ રીતે આ ટ્રેડ ફેરમાં આમંત્રિત કરવામાં આવ્યા છે. મહામારીને દૂર કરી વેપારને વેગ આપવા માટે ધી ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન દ્વારા ૩૩માં ટ્રેડ ફેરનું આયોજન કરવામાં આવ્યું છે. ઉદ્યોગકારો સાતમ-આઠમ, રક્ષાબંધન, નવરાત્રી-દિવાળી અન્ય તહેવારો ઉપરાંત વિન્ટર કેલકશન તથા લગ્નની સિઝન અને ફેશન તેમજ નવી ટેક્નોલોજી સાથે સજ્જ બની વેપારને વેગ આપવા આતુર છે. બીટુબી ટ્રેડ ફેરમાં મોટા પાયે ઓર્ડરની આશા ઉદ્યોગકારો સેવી રહ્યાં છે.

# રાયપુર ગામે કેફી પેડાનો પ્રસાદ ખવડાવતા મહિલા બેભાન

### અજાણી મહિલા રૂ.૩.૨૮ લાખના દાગીના લઈ ફરાર

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક આવેલા રાયપુર ગામે વડવાળા વાસમાં એકલા રહેતા મહિલાને અજાણી મહિલાએ નરોડા થી આવી હોવાની ઓળખ આપી હતી. ત્યારબાદ મહિલાના ઘરની બાજુમાં આવેલા દશામાતાજીના મંદિરે માનતા પૂરી કરવાના બહાને લઈ ગઈ હતી. મંદિર પુજા પાઠ કર્યા પછી પાણી પીવાના બહાને મહિલાના ઘરે જઈને કેફી પેડાનો પ્રસાદ ખવડાવી ઘરમાંથી રૂ.૩.૨૮ લાખના દાગીના ચોરી કરી અજાણી મહિલા છુમંતર થઈ ગઈ છે. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાયપુર ગામમાં વડવાળા વાસ ખાતે એકલા રહેતા મધુબેન ઠાકોરના ઘરે સાંજના સમયે એક અજાણી મહિલા નરોડાથી આવી હોવાની ઓળખાણ આપી હતી. મધુબેનના ઘર નજીક દશામાંના મંદિરે બાધા પુરી કરવા માટે મધુબેનને સાથે આવવા માટે કહ્યું હતું. જેથી મધુબેન અજાણી મહિલા ની વાતમાં આવી જઈને તેની સાથે મંદિર ખાતે ગયા હતા. મંદિરમાં પુજા કર્યા બાદ બાધા પુરી કરીને મહિલાએ પાણી પીવાનું કહેતા મધુબેન તેને પોતાના ઘરે લઈ ગયા હતા. જયાં ઔપચારીક વાતચીત થયા પછી દશામાં મંદિરે ચડાવેલા પેડાનો પ્રસાદ મધુબેનને આપ્યો હતો. પ્રસાદ મધુબેનો ખાતા જ ગણતરીની મીનીટોમાં બેભાન થઈ ગયા હતા. ત્યારબાદ મહિલાએ મધુબેનના ઘરમાંથી રૂ.૩.૨૮ લાખના દાગીના લઈ મહિલા નાસી ગઈ હતી. બીજા દિવસ સવાર સુધીમાં મધુબેન નહી દેખાતા પાડોશીએ ઘરે તપાસ કરતા વૃધ્ધા બેભાન હાલતમાં મળી આવ્યા હતા. તેઓએ મધુબેનને ઉઠાડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ શરીરમાં કોઈ હલચલ નહી દેખાતા કંઈ અજુગતુ બન્યું હોવાની શંકા રાખી પાડોશીએ તેમની દિકરીને જાણ કરતા તેઓ રાયપુર આવી પહોંચી હતી. જયારે મધુબેનને સારવાર માટે દહેગામ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયા હતા. ત્રણ દિવસ બાદ મધુબેન ભાનમાં આવીને ઘરે તપાસ કરતા અજાણી મહિલા રૂ.૩.૨૮ લાખના દાગીનાની ચોરી કરી રફુચકકર થઈ ગઈ હતી. બનાવ અંગે મધુબેને ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગામના સીસીટીવી ફુટેજ મેળવી આગળની તપાસ હાથ ધરી છે.

## ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક સામગ્રીનું વિતરણ



ગાંધીનગર, તા.૨૩

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરની ઈન્દ્રોડાની ખુબ જ સુંદર ચાઈલ્ડ ફ્રેન્ડલી શાળા કેમ્પસ માં આવેલી અંગ્રેજી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાના બાળકો માટે માસીબસ કંપનીના સીએસઆર હેઠળ શૈક્ષણિક સામગ્રીના વિતરણનો કાર્યક્રમનું આયોજન કરેલ હતું

કાર્યક્રમની શરૂઆતમાં ઉદગમના મેનેજીગ ટ્રસ્ટી ડો.- મયુર જોષીએ જણાવ્યું હતું કે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઈન્દ્રોડાની ખુબ જ સુંદર ચાઈલ્ડ ફ્રેન્ડલી શાળા બનાવેલ છે તે અંગેની માહિતી આપતા જણાવ્યું કે હંમેશા વંચિત બાળકોના વિકાસ માટે શિક્ષણને વિકાસનું શક્તિશાળી પાસું ઘણીને ઘણા વર્ષોથી કામ કરી રહ્યું છે અને જયારે પણ કોઈપણ બાળકને જરૂરિયાત હોય તે મુજબ સહાય કરવામાં આવે છે. ત્યારબાદ સંજય થોરાટ દ્વારા બાળકોને બાળગીત ગવડાવીને આનંદિત કરી દીધા હતા. શૈક્ષણિક સામગ્રીના વિતરણમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નં. ૪ના નગરસેવક દક્ષાબેન વિક્રમભાઈ મકવાણા, અતિથિ વિશેષપદે માસીબસ કંપનીના વિદ્યાલક્ષ્મી સુબ્રમણિયમ અને વૈજંતી ગુપ્તે તથા ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ સંજય થોરાટ, ઉદગમના ચાણક્ય જોશી તથા ઉદગમ પરિવારના મનોજ જોષી, જયપ્રકાશ ભટ્ટ, વાગ્મી ચાણક્ય જોશી દ્વારા બાળકોને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક સામગ્રીમાં નોટબુકો, ડ્રોઈંગ બુક, પેન્સિલ, રબર, સંચો, કલરબોક્સ મળતા બાળકોના ચેહરા ખુબજ આનંદથી છલકાઈ ઉઠ્યા હતા. ઈન્દ્રોડાના ગણમાન્ય નાગરિકો સાથે વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યે આભાર દર્શન કર્યું હતું.

## શહેર વસાહત મહાસંઘ દ્વારા જનતાના પ્રશ્નોના નિરાકરણ માટે સભા યોજાઈ



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની ગાંધીનગર શહેરની જાહેર જનતા માટે પ્રશ્નો નાં નિરાકરણ માટે સેકટર ૧૨ ઉમિયા ભવન સંસ્થા મંદિર ખાતે કોમ્યુનિટી હોલમાં વિશાળ સંખ્યામાં જાહેર સભા યોજાઈ હતી.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની જાહેર સભા સેકટર ૧૨ ઉમિયા મંદિર ખાતે સંસ્થાના પ્રમુખ કેશરીસિહ બિહોલાના અધ્યક્ષ સ્થાને સેકટર ૧થી ૩૦ વસાહત મંડળોના પ્રમુખ, મહામંત્રી અને શહેરના આગેવાનો પ્રબુદ્ધ નાગરિકો શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, મહાનગર પાલિકા સમાવેશ ૧૮ ગામના પ્રતિનિધિઓ, અસરગ્રસ્ત મંડળના હોદેદારો વગેરે વિશાળ સંખ્યા મા જાહેર સભા મળી હતી. સભામાં મુખ્ય મુદ્દો કર્મચારીઓ અધિકારીઓ અસરગ્રસ્ત ખેડૂતો વગેરેને રાહત દરે સરકાર દ્વારા મળેલ પ્લોટ પર બનાવવામાં આવેલ મકાન વેચાણ મંજૂરી મેળવવા માટેના પ્રશ્નોની ગંભીર ચર્ચાઓ કરવામાં આવી હતી અને ઉપસ્થિત સર્વેનો અભિપ્રાય માર્ગદર્શન મેળવવામાં આવ્યા હતા અને આ બાબતે સરકારમાં ઉગ્ર રજુઆત કરી ઉચ્ચ કક્ષાએ મુખ્યમંત્રી, રાજયપાલ, સંસદ સભ્ય, તથા સંબંધિત અધિકારીઓ ને લેખિત આવેદનપત્ર આપવામાં આવે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. શહેરના અન્ય પડતર પ્રશ્નો જેવાકે શહેરમાં શૈક્ષણિક સ્ત્રોત વધારવા, આરોગ્ય સેવાઓ નાગરિકો ને પુરતી મળી રહે, નવા સેકટરમાં પોસ્ટ ઓફિસ સરકારી દવાખાનું ચાલુ કરવામાં આવે, કૉમ્યુનિટી હોલ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે, શહેર સમાવેશ ગ્રામ્ય વિસ્તારમાં શહેરની જેમ સુવિધાઓ આપવામાં આવે, મિલકત મકાન વારસાઈ કરી રેકોર્ડમાં નોધણી એન્ટ્રી પાડવામાં આવે, મહાનગર પાલિકામાં સમાવેશ નગરપાલિકા અને ગ્રામ્ય વિસ્તારમાં પુરી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે ત્યાર પછી મિલકત વેરો વસૂલવામાં આવે, પંચાયતઘરના વર્ષોથી કામ કરતા કર્મચારીઓને કાયમી કરી મહાનગર પાલિકામાં સમાવેશ કરવામાં આવે ,જાહેર રોડ રસ્તા પાણી વિજળી વધતી ગુનાખોરી ઘરફોડ ચોરીઓ વગેરે સમસ્યાઓની ઉપસ્થિત નાગરિકો એ ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી સમગ્ર મુદ્દાઓ પ્રશ્નોની મુદ્દાસર સરકારમાં રજુઆત કરવામાં આવી અને વિશાળ સંખ્યામાં એક આવેદનપત્ર આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું

આ સભા માં મહાનગર પાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, સ્ટેડીગ કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ હાજર રહ્યા હતા. ગાંધીનગર શહેરના આગેવાનો સર્વ મનુભાઈ મહેતા, રણજીતસિંહ વાઘેલા ,પુર્વ પમુખ પેથાપુર નગરપાલિકા હરેશભાઈ પટેલ, કીર્તિભાઈ જોષી ,ગંભીર સિહ વાઘેલા, અનિલભાઈ પટેલ, રમેશભાઈ પંચાલ, વિપુલભાઈ ઠાકર, પ્રદિપસિહ બિહોલા, સંદીપ જયોતિકર, વિનોદભાઈ ઉદેચા ,હિરેનભાઈ રાવલ, કે બી વ્યાસ, ભવાનભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, મંગળદાસ પટેલ, હસમુખભાઈ મકવાણા વગેરે ચર્ચામાં ભાગ લીધો હતો. સંસ્થાના હોદેદારો કેશરીસિહ બિહોલા, રાજેન્દ્રભાઈ પારેખ, ગોવિંદભાઈ આહીર, પદિપસિહ બિહોલા, જયેશભાઈ આગચા વગેરે મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## પાલજ પાસે જજની ગાડી સાથે બાઈક ટકરાતા બે યુવકોને ઈજા

### જજ ફર્સ્ટ ગુજરાત સ્ટેટ જ્યુડિશિયલ ઓફિસરની કોન્ફરન્સમાં જઈ રહ્યા હતા, બાઈક પર સવાર યુવકોને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર પાલજ તરફ જવાના માર્ગ પર મહિસાગર જિલ્લાના લુણાવાડા કોર્ટના જજની ગાડી-બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ગુજરાત સ્ટેટ જયુડિશીયલ ઓફિસરની કોન્ફરન્સમાં ભાગ લેવા માટે ગાડી લઈને અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. મહીસાગર જિલ્લાના લુણાવાડા કોર્ટના જજ જે.એન.વ્યાસે ચિલોડા પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ તેઓ ગઈકાલે પોતાની ફરજ પુરી થયા પછી સાંજના સમયે પોતાની કાર લઈને ફર્સ્ટ ગુજરાત સ્ટેટ જયુડીશીયલ ઓફિસરની કોન્ફરન્સમાં ભાગ લેવા માટે અમદાવાદ જઈ રહ્યા હતા. તે સમય દરમિયાન આશરે નવ વાગ્યાના અરસામાં પાલજ રોડ પર એરફોર્સ સ્ટેશન નજીક બાઈક સવારે કોઈપણ જાતનો હોર્ન માર્યા વિના કે સાઈડ સિગ્નલ બતાવ્યા વિના અચાનક જ રસ્તો ક્રોસ કરતા બાઈક કાર સાથે ટકરાયું હતું. જો કે અકસ્માતને પગલે ન્યાયાધીશે પોતાની ગાડી સાઈડમાં ઉભી કરી દીધી હતી. અકસ્માતમાં બાઈક સવાર યુવકો રોડ પર પટકાતા ઈજા પહોંચી હતી. જેથી ન્યાયાધીશે ૧૦૮ ને કોલ કરી બોલાવી બંને યુવાનોને સારવાર માટે ખસેડાયા હતા. જયારે તેઓને પણ બેઠો માર વાગ્યો હોવાથી અમદાવાદ ફલેટ ખાતે પહોંચીને પ્રાથમિક સારવાર કરી હતી. સમગ્ર બનાવમાં જજની ગાડીને પણ નુકશાન થયું હોવાથી ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- માણસા ડીસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલના વિસ્તૃતીકરણ પ્રોજેક્ટ અંગે આજે રાજયના આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે પ્રેઝન્ટેશન નિહાળી ચર્ચાઓ કરી હતી.
- આજે જિલ્લાનુ વહીવટીતંત્ર રજાના દિવસે પણ કેન્દ્રીય ગૃહમંત્રીના પ્રવાસને લઈ વ્યસ્ત રહ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં આજે સાંજે ૪ થી ૬ માં વરસાદનું હળવુ ઝાપટુ પડ્યા પછી લોકો ઉકળાટ અનુભવતા જણાયા હતા.
- ગાંધીનગર શહેરમાં ખાડાઓ સતત વધી રહ્યા છે તેમજ માર્ગ પરની કપચી પણ ઉખડી જતાં હવે દ્વિચક્રી વાહનચાલકોની મુશ્કેલી વધી છે.
- કેન્દ્રીય ચૂંટણીપંચના દ્વિદિવસીય વર્કશોપની આજે પૂર્ણાહુતિ થઈ છે. આજે બીજે દિવસે મતદાર નોંધણીના સુધારાઓ અંગે તાલિમ અપાઈ હતી.
- કલોલમાં રેલવે પોલીસની બાઈકરેલી અને પોલીસ બેન્ડનો કાર્યક્રમ લોકપ્રિય બન્યો હતો.
- ભારતીય મઝદૂર સંઘના ૬૮માં સ્થાપના દિવસની બલરામ મંદિર સે. ૧૨ ખાતે ઉજવણી કરવામાં આવી હતી.
- ગાંધીનગર મહાનગર પાલિકાએ વૃક્ષારોપણ માટે ગૌચરના પ્લોટોનું આખરીકરણ કરી વન વિભાગ સાથે બેઠક કરી છે.
- ગાંધીનગર શહેરમાં ૨૯૮૦ લોકોને કોરોના વેક્સીનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે.
- શાકભાજીના ભાવ-વધારાને લઈ મધ્યમવર્ગનું બજેટ ખોરવાયુ છે.
- રાજયના પશુધનમાં નોંધાયેલા લમ્પીના કેસોના પગલે જિલ્લા પશુપાલન વિભાગે પણ જન-જાગૃતિ અભિયાન માટે ઠેર ઠેર બોર્ડ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં લગાડી રોગના લક્ષણોથી લોકોને સમજૂત કર્યા છે.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે માણસા ખાતે જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક કરી માણસાના પ્રશ્નો અંગે અડધા કલાકથી વધુ સમય સુધી ચર્ચા કરી હતી.

## આ વર્ષે દશામા મંદિર સેન્ટર ખાતે રાસ-ગરબા મોકૂફ

ગાંધીનગર, તા. ૨૩

દશામાં યુવક મંડળ, સેક્ટર-૨૪ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આ વર્ષે દશામાના મંદિર ખાતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું નથી. માતાજીની આરતીનો સમય રાત્રે ૯ કલાકે રાખ્યો છે. તો સૌ ભાવિક ભક્તોને આરતી-દર્શનનો લાભ લેવા અખબારી યાદીમાં જણાવ્યુ હતુ.



નવા કોબા કલસ્ટર ની જૂના કોબા પ્રાથમિક શાળામાં બાળ મેળો અને લાઈફ સ્કીલમાં બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

